**આંક ૧ લગત હુકમ**
**ફોજદારી કેસ નંબર.૫૪/૨૦૧૯**

**ફોજદારી કેસ નં.૫૪/૨૦૧૯**
**એ ડીવીઝન પો.સ્ટે..ગુના રજી.નં.૧૧૨/૨૦૧૮**
**ગુનો આઈપીસી કલમ ૫૦૪,૧૮૬**

**ફરિયાદી :– શ્રી સરકાર**

**વિરુધ્ધ**

**આરોપી :–**જાદવ નટવરભાઈ મોતીભાઈ
રહેવાસી બેડીગામ તા.જી.રાજકોટ

**//આંક ૧ લગત હુકમ//**

**<u>૧. હાલના કેસમાં પોલીસ ધ્વારા આરોપી વિરુધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ ૫૦૪</u> ,૧૮૬ મુજબ શિક્ષાને પાત્ર ગુનાનું ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે.** કેસનું રેકર્ડ જોતાં અદાલત ધ્વારા આરોપીને હાજર રખાવવા અવાર–નવાર પ્રોસેસ ઈસ્યુ કરવામાં આવેલ છે. અદાલત ધ્વારા અવાર નવાર પ્રોસેસ કાઢવામાં આવેલ જે આરોપી ગામમાં રહેતા ન હોવાના શેરા સાથે વગર બજે પરત આવેલ છે. ફરીયાદપક્ષ આરોપીને અદાલતમાં હાજર રાખવામાં સદંતર નિષ્ફળ ગયેલ છે. ફરીયાદપક્ષની નિષ્ફળતા ને કારણે કેસ લંબાયેલ છે. આક્ષેપિત ગુનાની સજાની જોગવાઈ ધ્યાને લેતાં નોનકોગ્નાઈઝેબલ **સમન્સ ટ્રાયેબલ ગુનાનો આક્ષેપ છે.** અદાલત ધ્વારા આરોપીને હાજર રખાવવા ફરીયાદપક્ષને વ્યાજબી અને પુરતી તક આપવામાં આવેલ છે. આમ છતાં ફરીયાદપક્ષ આરોપી ને હાજર રાખવામાં નિષ્ફળ ગયેલ છે. સદર કેસનો પ્રકાર તેમજ રેકર્ડ ધ્યાને લેતાં ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ૨૫૮ માં પડતો જણાઈ આવેલ છે.

**નામદાર સુપ્રિમ કોર્ટે રંજન ધ્વીવેદી વિરુધ્ધ સી.બી.આઈ એ.આઈ.આર એસ.સી ૩૨૧૭ના ચુકાદામાં ઠરાવેલ છે કે** ફોજદારી કોર્ટોએ ઉચિત કેસોમાં ફોજદારી કાર્યરીતિ સંહિતાની ક. ૩૦૯, ૩૧૧ અને ૨૫૮ની સત્તાનો ઉપયોગ ન્યાયના હિતમાં કરવો જોઈએ. નામદાર સુપ્રિમ કોર્ટે ઠરાવેલ છે કે, The Criminal courts should exercise their available powers, such as those under sec 309,311,258 of the code of criminal procedure to effectuate the right of speedy trial. A watchful and diligent trial judge can prove to a better protector of such right than any guidelines.

**આંક ૧ લગત હુકમ**
**ફોજદારી કેસ નંબર.૫૪/૨૦૧૯**

In appropriate cases, jurisdiction of the high court under section 482 Cr.P.C and Articles 226 & 227 of the constitution can be invoked seeking appropriate relief or suitable directions.

**02.** **આ ઉપરાંત નામદાર બોમ્બે હાઈકોર્ટે મુલચંદ મોતીલાલ રાકા વિરુધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર ૧૯૯૬ ક્રાઈમ્સ ૧૭૭ બોમ્બે ના ચુકાદામાં ઠરાવેલ છે કે ,** Section 258 of the code which empowers to stop the proceedings in certain cases is inteded to meet with certain situations, where the presence of accused persons cannot be secured or presence of any important witness cannot be secured by the prosecution which is necessary for the trial of the case. Therefore, where the Magistrate does not find it possible to dispose of the matter adopting normal procedure contemplated by the code for one reason or other such as herein above stated, in such situation it would be open to Magistrate to stop further proceedings of the case. Section 258 of the code can be resorted to where the special unusual circumstances exist, such as non-appearance of the accused before the court for considerable time or of the important witness of the prosectuion, which make it difficult or impossible for the Magistrate to proceed with the case in normal way. Therefore in such situation, where the Magistrate finds it difficult to decide the case on merit, whithout any hindrance, in the normal manner, as per procedure under the code, the provisions of Section 258 of the can be resorted to.

**03.** **ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ૨૫૮માં કરવામાં આવેલ જોગવાઈ તેમજ કેસનું રેકર્ડ તેમજ ઉપરોકત ચુકાદા ધ્યાને લેતાં** ફરીયાદપક્ષને/પોલીસને પુરતી તકો આપવા છતાં આરોપીને હાજર રખાવી શકેલ નથી. હાલના કામે આરોપી વિરુધ્ધ ચાર્જશીટ દાખલ કર્યા તારીખથી આજ દિન સુંધી સમન્સ /વોરંટની બજવણી કરી આરોપીને હાજર રખાવી શકેલ નથી. આરોપી વિરુધ્ધ આક્ષેપીત ગુના ની સજાની જોગવાઈ તેમજ કેસનો પ્રકાર ધ્યાને લેતાં કેસને લંબાવવા માટે કોઈ વ્યાજબી કારણ જણાતું નથી. આથી ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ૨૫૮ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**આંક ૧ લગત હુકમ**
**ફોજદારી કેસ નંબર.૫૪/૨૦૧૯**

**-:: હુકમ ::-**

**ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૨૫૮ તળે આરોપી સામેની હાલની ઈન્સાફી કાર્યવાહી બંધ કરવાનો હુકમ કરવામાં આવે છે.**

આરોપી મળી આવે તો ફરીયાદપક્ષ તેના તેની સામે ચાર્જશીટ કરવા સામે ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ૩૦૦(૫) નો બાધ આવશે નહી.

હુકમ આજરોજ તારીખ ૯મી માહે સપ્ટેમ્બર સને ૨૦૨૩ના રોજ સ્પેશ્યલ સીટીંગ માં જાહેર કર્યો.

**તારીખ : ૦૯/૦૯/૨૦૨૩**
**સ્થળ : રાજકોટ**

**(મોહંમદસલીમ હબીબખાન પઠાણ)**
**જીજે.૦૦૮૧૧**
**જ્યા એડી.ચીફ.જ્યુડી.મેજીસ્ટ્રેટ**
**રાજકોટ**